# પ્રકરણ : ૫

# મોરારજીભાઈ વિશે જાણી-અજાણી વાતો આગળ કરતાં પહેલાં

**-કેરસી દેબુ**

મોરારજીભાઈ વિશે લખવાનું નક્કી કર્યું ત્યારે સ્વાભાવિક રીતે મોરારજીભાઈને લગતા પુસ્તકો વાંચવા પડે. વર્ષો પહેલાં મોરારજીભાઈની આત્મકથા "મારૂ જીવનવૃતાંત" ના ત્રણ અંકો ખરીદેલા અમે વાંચેલા. મોરારજીભાઈને લગતા અન્ય લેખકોએ લખેલા પુસ્તકો અને લેખોનો અભ્યાસ કર્યો. મોરારજીભાઈએ આપેલા ઈન્ટરવ્યુઓનો  અભ્યાસ કર્યો. મોરારજીભાઈ વિશે અન્ય લોકો શું વિચારે છે તે માટે અન્યો દ્વારા લખાયેલા પુસ્તકો પણ વાંચ્યા. મોરારજીભાઈના અંગત મંત્રી એવા હસમુખ શાહે લખેલ "દીઠું મેં" શ્રી જી.એસ.ભાર્ગવે લખેલ "Morarji Desai, Prime Minister of India" બંને પુસ્તકોમાંથી મોરારજીભાઈ વિશે નવું નવું જાણવા મળ્યું. મોરારજીભાઈ પોતે પોતાની આત્મકથામાં પોતાના વિશે લખે અને અન્ય લેખકો મોરારજીભાઈ વિશે જે લખે તે બંનેમાં કયાંક સામ્ય તો કયાંક વિરોધાભાસ જોવા મળે છે.

મોરારજીભાઈ વિશે જેટલું સારૂ લખાયું તેનાથી વધુ વિરોધમાં પણ લખાયું. કેટલાક છાપાં મોરારજીભાઈની ભારે પ્રશંસા કરતા તો કેટલાક છાપા મોરારજીભાઈની ઘોર નિંદા કરતા. કાર્ટુનિસ્ટો માટે તો મોરારજીભાઈ એક "રમકડું" સમાન હતા.

મોરારજીભાઈના ગુણદોષમાં ઉતરીએ તો એક તરફ તેઓ ખૂબ જ પ્રમાણિક, નિષ્ઠાવાન, સત્યનિષ્ઠ, દેશપ્રેમી, સંયમી અને નીતિ-નિયમોના ચુસ્ત પાલક હતા. ગાંધીજી અને ગાંધીજીના આદર્શોનું પાલન કરવામાં કદાચ સવાયા ગાંધી હતા. ગાંધીજીની અહિંસાના સિધ્ધાંતમાં ખુબ જ શ્રધ્ધા હતી.

બીજી તરફ નજર કરતા મોરારજીભાઈ ખુબ જ જીદ્દી, આપખુદ, પોતાનો જ કક્કો ખરો કરનાર નજરે પડે છે. કેટલાક રાજકારણીઓ, લેખકોએ તો મોરારજીભાઈને આપખુદ, ઘમંડી, દંભી, સત્તા લાલચુ, દંખીલા અને વેરભાવના રાખનાર તરીકે પણ ઓળખાવ્યા છે. જેના માટે તેઓ પાસે પૂરતા આધાર પણ છે.

અનેક સદ્દગુણો વચ્ચે 'જીદ' અને હઠાગ્રહ જેવા ગુણોએ મોરારજીની પ્રતિષ્ઠાને ભારે નુક્શાન પહોંચાડયું છે. જાણીતા લેખક ગુણવંત શાહે મોરારજીભાઈ માટે 'અજાત શત્રુ' એટલે કે જેનો કોઈ મિત્ર નથી એવું લખ્યું હતું. મોરારજીભાઈ ભાગ્યેજ કોઈને મિત્ર બનાવી શકતા પરંતુ પલવારમાં મિત્રને પણ શત્રુ બનાવી દેવાની આદત હતી. ગુણવંત શાહ લખે છે કે મોરારજીભાઈના સૌથી મોટા શત્રુ મોરારજીભાઈ પોતે જ હતા.

મોરારજીભાઈની આત્મકથા 'મારૂ જીવનવૃતાંત' મા મોરારજીભાઈએ પોતાના વિશે પોતાની દ્રષ્ટિથી લખેલી એકતરફી વાતોનો જ ઉલ્લેખ વધુ નજરે પડે છે. મોરારજીના સમગ્ર કાલ દરમ્યાન જે કાંઈ બન્યું તેનું એકતરફી બયાન અને પોતાનું બચાવનામું રજુ કરતા હોય તેવું વધુ લાગે છે.

જેટલી બાબતો નિખાલસતાથી રજુ કરી છે એટલી જ બીજી અનેક બાબતોને છુપાવી છે. જેની પુરક માહિતી અન્ય લેખકોના પુસ્તકોમા નજરે પડે છે. મોરારજીભાઈએ પોતે કેટલીક બાબતોમા પોતાની ભૂલ કબુલ કરી છે પરંતુ તે કબુલાત પણ અપૌચારિક લાગે છે. પોતાના પરિવાર વિશે કે પોતાની અંગત બાબતો અંગે પણ બહુ ઓછું લખ્યું છે. પોતાના ધર્મપત્ની ગજરાબેનનો ઉલ્લેખ પણ ભાગ્યે જ નજરે પડે છે. તેઓને કયાંય યોગ્ય સ્થાન આપ્યું નથી.

ગાંધીજીની પોતાની આત્મકથા 'સત્યના પ્રયોગો' માં જે રીતે નિખાલસતાથી સત્યની રજુઆત કોઈપણ જાતના સંકોચ વગર લખાયેલી છે તેવી નિખાલસતા મોરારજીભાઈની આત્મકથામાં ઓછી દેખાય છે.

મોરારજીભાઈ કોઈને માન-સન્માન આપવાની બાબતમા અત્યંત કંજુસ હતા પરંતુ કોઈનું પણ અપમાન કોઈપણ જાતની શેહશરમ વગર કરી નાંખતા. તેઓ અતિ ઉગ્ર અને આખાબોલા હતા. જેના કારણે

પણ તેઓ વગોવાયા છે. જે રીતે મોરારજીભાઈ કોઈની ખુશામત કે વખાણ નહી કરતા તે જ રીતે તેઓને પોતાના વખાણ કે ખુશામત કોઈ કરે તે પણ પસંદ નહતું.

મોરારજીભાઈની કારકિર્દીના શરૂઆતના વર્ષોમા અંગ્રેજ સરકારની નોકરી દરમ્યાન થયેલા અનુભવો રાજકારણમા દાખલ થયા ત્યારપછી આવેલા પરિવર્તનની ચર્ચા. મુંબઈ રાજયના ગૃહપ્રધાન કે મુખ્યપ્રધાન તરીકેના સમયની કામગીરીની સમીક્ષા અને આલોચના. કોંગ્રેસ પાર્ટીમા મોરારજીભાઈને થયેલા વારંવાર અપમાનની કથા અને અંતે ૮૧ વર્ષની ઉંમરે વડાપ્રધાન બની શકનાર એકમાત્ર વ્યક્તિ તરીકેની કારકિર્દી પણ અત્યંત વિવાદાસ્પદ રહેવા પામી હતી. આ સમયગાળો રાજકારણના કાવાદાવા અને ભેદભરમથી ભરપુર હતો. અનેક સ્વાર્થી લોકોના સમુહમા મોરારજીભાઈ જેવા નિષ્ઠાવાન વ્યક્તિનું વડાપ્રધાન બની શકવું પણ એક ચમત્કાર જ હતો.

ટૂંકમાં કહું તો ગાંધીજી માટે આઈસ્ટાઈને જે શબ્દો વાપર્યા હતા કે 'ભવિષ્યની પેઢી ગાંધીજી જેવી કોઈ વ્યક્તિ પૃથ્વી પર પેદા થઈ હોય તે માનવા પણ તૈયાર નહિ થશે."

મોરારજીભાઈ માટે પણ આવી જ માન્યતા હું પણ ધરાવું છું. મોરારજીભાઈ એક અને અનન્ય જ હતા અને ભવિષ્યમાં બીજા મોરારજી પેદા થશે નહીં.

અંતમાં મોરારજીભાઈનો નિવૃતિકાળ પણ ભવ્ય જ રહ્યો. મોરારજીભાઈને 'ભારત રત્ન' અને 'નિશાને પાકિસ્તાન' જેવા સર્વોચ્ચ એવોર્ડ પણ મળ્યા.

હવે આવી મહાન વ્યક્તિ અંગે અનેક વાતો લખવાની છે એટલે થોડી પૂર્વ ભૂમિકા બાંધી છે. મોરારજીભાઈ માટે મારા હૃદયમાં ઉંડો આદર છે પરંતુ કેટલીક બાબતો એવી છે જેમાં મારે મોરારજીભાઈની ક્ષમા સાથે આલોચના પણ કરવી પડશે. જાણીતી, ઓછી જાણીતી અને બિલકુલ અજાણી વાતો હવે પછીના અંકોમાં...